જા.નં./શા.સ./૨૦૨૬/ ૪૪૦૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઇન્સ, સુરત.
તા.25/૦૬/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેરની ખાનગી પ્રાથમિક શાળાઓ,
સરકારી તથા બિનસરકારી અનુદાનિત અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
સુરત, જિ.સુરત

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : DPE/SKL/e-file/105/2026/2751Sankalan તા.૨૫/૦૬/૨૦૨૬નાં પત્રથી શાળાઓમાં ચોમાસ પહેલા તેમજ સ્કુલ સેફટી અંગે તકેદારી રાખવા માટે જરૂરી તૈયારી કરવા અને યોગ્ય સલામતીનાં પગલા લેવા બાબતે અત્રેની કચેરીને જણાવેલ છે જે અન્વયે આપની શાળામાં આ પત્ર મુજબની કાર્યવાહી કરવા અત્રેથી જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત.

ક્રમાંક: DPE/SKL/e-file/105/2026/2751/Sankalan
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર.

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- રાજયની પ્રાથમિક શાળાઓ/હોસ્ટેલમાં ચોમાસા પહેલા તેમજ સ્કુલ સેફટી અંગે તકેદારી રાખવા માટે જરૂરી તૈયારી કરવા અને યોગ્ય સલામતીના પગલા લેવા બાબત.

સંદર્ભઃ- આ કચેરીનો પત્ર ક્રમાંકઃ: પ્રાશિનિ/સંકલન/છ-૨/૨૦૨૫/૧૦૯૦-૧૧૭૭ તા.૩૦/૦૫/૨૦૨૫

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજયમાં ટૂંક જ સમયમાં ચોમાસાની ઋતુનું આગમન થશે. ચોમાસા ઋતુ દરમ્યાન શાળામાં કોઈ દુર્ઘટના નહી ઘટે તે માટે તેમજ સ્કુલ સેફટી અંગે તકેદારી રાખવા માટે આવશ્યક સાવચેતીના પગલાં અગાઉથી ભરવા જરૂરી બને છે. જેથી આપના જિલ્લામાં આવેલ તમામ શાળાઓ/હોસ્ટેલ વગેરેને ચોમાસાની ઋતુની શરૂઆત પહેલા જરૂરી તૈયારી કરવા અને સ્કુલ સેફટી અંગે જરૂરી તમામ તકેદારી રાખવા માટે સાવચેતીના પગલા લેવા તમામ શાળાના મુખ્ય શિક્ષકને નીચે મુજબની લેખિતમાં સૂચના આપશો.

(૧) છત કે ધાબા પર આવેલ વોટર સ્પાઉટ ચોમાસા પહેલાં અને ચોમાસામાં સમયાંતરે સાફ કરાવવા.

(૨) ધાબા કે છત ઉપર રહેલા જૂના ફર્નિચર કે અન્ય સામાનને યોગ્ય સ્થળે ખસેડવા.

(૩) શાળા મેદાનમાં આવેલ નમી ગયેલા કે તૂટી પડવાની તૈયારીમાં હોય તેવા વૃક્ષોની ડાળીઓ/વૃક્ષોને દૂર કરવા.

(૪) શાળામાં જો ઈલેકટ્રીક વાયર ખુલ્લા હોય કે અર્થીંગ પ્રોબ્લેમ હોય તો સત્વરે એસએમસી ધ્વારા તમામ વિજ ઉપકરણો રીપેરીંગ કરાવવા તથા ISI માર્કા વાળા જ લગાવવા તકેદારી રાખવી.

(૫) ચોમાસાની સીઝન દરમ્યાન મુખ્ય શિક્ષકશ્રી તથા શિક્ષકોએ તાલુકા પ્રાથમિક શિક્ષાણાધિકારીશ્રીની પૂર્વ મંજૂરી વિના હેડકવાર્ટર છોડવું નહી.

(૬) પૂરના સમયે શાળાના મેદાનમાં કે બિલ્ડીંગમાં પાણીનો ભરાવો ન થાય તે માટે પાણીના નિકાલની વ્યવસ્થા છે કે નહી તેની તકેદારી રાખવી.

(૭) પૂર સંભવિત ક્ષેત્રમાં શાળાના અગત્યના રેકર્ડ તેમજ ફાઈલોને શાળામાં જ સુરક્ષિત સ્થળે રાખવા.

(૮) દવાઓ, ફાનસ, ટોર્ચ, સ્વચ્છ કપડા, પેક ખાધ પદાર્થ સહિતની ઈમરજન્સી કીટ, ફર્સ્ટ એઈડ બોકસ વગેરે હાથવગા રાખવા.

(૯) શાળામાં રૂમો જર્જરિત હોય તો બાળકોને બેસાડવા નહી અને જર્જરિત રૂમોથી બાળકો દૂર રહે તે અંગેની તકેદારી રાખવી તથા તે અંગેના ભયજનક સૂચક સાઇન બોર્ડ લગાવવા.

(૧૦) શાળા કેમ્પસ આવેલ જર્જરિત કે ડીમોલીશન કરવાપાત્ર ઓરડા, ટોયલેટ, સેપ્ટીક ટેન્ક, ખાળકૂવા કે અન્ય ભૌતિક સુવિધાની ફરતે બેરીકેડ કે આડાશ ઉભી કરી ભયજનક સૂચક બોર્ડ લગાવવા.

(૧૧) અતિવૃષ્ટિ કે પૂર જેવા સંજોગોમાં શાળા આશ્રયસ્થાન બને તે અંગેની તકેદારી મુખ્ય શિક્ષકશ્રીએ લેવી અને સરળતાથી શાળાનું મકાન ઉપલબ્ધ બને તે જોવુ.

(૧૨) અતિવૃષ્ટિ કે પૂરના સમયે બાળકોને રજા આપવાનો નિર્ણય મુખ્ય શિક્ષકશ્રીએ વિવેકબુધ્ધિ અનુસાર લેવો અને સમયસર બાળકો ઘરે પહોંચે તે અંગેની વ્યવસ્થા વાલીઓ સાથે મળીને કરવી. બાળકોના ગયા પહેલાં શિક્ષકોએ શાળા ન છોડવી બાળકોની શાળા સુધી અવર જવરના રસ્તે પાણી ભરાતા હોય તેવી જગ્યાઓની ઓળખ કરી SMC ના પરામર્સમાં ઓળખ કરી બાળકો અને વાલીઓને તે અંગે માહિતગાર કરવા.

(૧૩) શાળામાં ફાયર સેફટીની વ્યવસ્થા છે કે કેમ ? તે ચકાસવું અને તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે શિક્ષક અને વિદ્યાર્થીઓને તાલીમબધ્ધ કરવામાં આવ્યા છે કે નહી તે સુનિશ્ચિત કરવુ.

(૧૪) અંડરગ્રાઉન્ડ વોટર ટેન્ક હોય તો તેની ફરતે આડ કે ફેન્સીંગની વ્યવસ્થા કરવી તેમજ ઢાંકેલી રાખવી જેથી બાળકો, જાહેર જનતા કે પ્રાણીઓ અકસ્માતનો ભોગ ન બને.

(૧૫) શાળામાં રેઈનવોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ, પાણીના ટાંકા, સેપ્ટીક ટેન્ક, ખાળકૂવા હોય તો તેની નજીક બાળકોને જવા દેવા નહી અને આ બાબતની ભયજનક સૂચના દર્શાવતું બોર્ડ લગાવવું.

(૧૬) શાળાની ટાંકી ખુલ્લી રહેતી હોય તો તેને લોક (તાળુ) મારી શકાય તેવા ઢાંકણા લગાવવા અને મેદાનમાં કયાંય પણ પાણી ભરાતું હોય તો મચ્છરનો ઉપદ્રવ ન થાય તે માટેના જરૂરી પગલા લેવા.

(૧૭) શાળાની બહારથી જો મુખ્ય માર્ગ પસાર થતો હોય તો સ્પીડ બ્રેકરની વ્યવસ્થા કરાવવી અને રોડની બંન્ને તરફ શાળા અંગેના સાઈન બોર્ડ મુકાવવા,

(૧૮) શાળા પરિસરમાં બાંધકામના સમય દરમ્યાન આજુબાજુના સંલગ્ન મકાનના રહીશો અને મકાનોને અડચણરૂપ, ખલેલ અને નુકશાન ન પહોંચે તે માટેના તમામ સાવચેતીના પગલા એસએમસી તેમજ ઈજારદારશ્રીએ તેમના ખર્ચે અને જોખમે લેવાના રહેશે.

(૧૯) બાંધકામના સમય દરમ્યાન શાળાના કંપાઉન્ડમાં આવેલ અન્ય હયાત બાંધકામ (સ્ટ્રકચર) ને કોઈ નુકશાન ન પહોંચે તેમજ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શિક્ષકોને કે અન્ય કર્મચારી/મુલાકાતી ને કોઈ નુકશાન કે ઈજા ન થાય તે માટેના તમામ સાવચેતીના પગલા એસએમસી તેમજ ઈજારદારશ્રીએ તેમના ખર્ચે અને જોખમે લેવાના રહેશે.

(૨૦) કાર્યરત શાળામાં બાંધકામ ચાલુ કરવાનું હોય ત્યારે બાંધકામ સ્થળે આડ (બેરીકેટ) કે ફેન્સીંગ ઉભી કરી તે બાજુ બાળકો જાય નહી તેવી વ્યવસ્થા કરવી અને બાળકોની સાવચેતી માટે શાળાના આચાર્ય તેમજ શિક્ષકોને લેખિતમર્મા જાણ કરી આ બાબતે અવગત કરવા.

(૨૧) શાળામાં જે જગ્યાએ કામ પ્રગતિમાં હોય તે ભાગમાં પતરાની આડ (બેરીકેટ) કે ફેન્સીંગ રાખવી જેથી બાળકો અકસ્માતનો ભોગ બને નહીં.

(૨૨) બાંધકામ માટેનો માલસામાન અલગ જગ્યાએ વ્યવસ્થિત રીતે રાખવો. જેથી બાળકોની અવર-જવરમાં અડચણ ઉભી થાય નહી.

(૨૩) બાંધકામની જગ્યાએ ભયસૂચક કે ચેતવણી દર્શાવતા નોટીસ બોર્ડ લગાવવા. આ બાબતની લેખિતમાં જાણ તમામ સબંધિત અધિકારી/કર્મચારીશ્રીઓને પણ કરશો.

(૨૪) પાણીની મોટરના વાયર તેમજ વીજ કંપનીના મીટરમાં જતા વાયરોની એવી રીતે ગોઠવણ કરવી જેથી અનિચ્છનીય બનાવ ટાળી શકાય.

(૨૫) શાળામાં લગાવેલ MCB/ELCB અને અર્થીંગ કાર્યરત છે કે નહિ ? તેની ચોમાસા પહેલા તકેદારીના ભાગરૂપે ખાતરી કરી લેવી તેમજ કોઇપણ જાતના વાયરીંગના છેડા છુટા નહી હોય તેની ચકાસણી કરી તાત્કાલિક યોગ્ય પગલાં લેવાં.

(૨૬) પાણી માટેના બોરનો ઉપરનો ભાગ બોરકેપથી ઢાંકેલ છે તે સુનિશ્ચિત કરવું.

(૨૭) આપત્તિ સમયમાં ઉપયોગી સ્ટાફ અને વ્યકિતઓની જેમ કે તલાટી-મંત્રીશ્રી, ડોકટર, તરવૈયા, ફાયર, એમ્બ્યુલન્સ વગેરેનો ફોન નંબર સાથેની માહિતી શાળાના નોટીસ બોર્ડ પર લગાવવી તથા શાળાના મુખ્ય શિક્ષકશ્રી અને તમામ શિક્ષકોએ પોતાની પાસે રાખવી.

(૨૮) સંભવિત આપત્તિ અંગેની પૂર્વ તૈયારીના રૂપમાં આચાર્યશ્રી, બાળકો તથા સ્ટાફે આપત્તિના સમયમાં કઈ રીતે આપત્તિનો સામનો કરી શકાય તે અંગેની પૂર્વ તૈયારી રાખવી.

(૨૯) રેલીંગ પેરાપેટ જર્જરીત હોય તો સાવચેતીના પગલારૂપે દૂર કરવી/રીપેર કરાવવી/બાળકોની સલામતી માટે યોગ્ય કાર્યવાહી કરવી.

(૩૦) વાવાઝોડાની પરિસ્થિતી દરમ્યાન શાળામાં બાળકોની સલામતી માટેની વ્યવસ્થાની સુનિશ્ચિત કરવી.

(૩૧) આકસ્મિક ભૂકંપ જેવી અચાનક આવી પડતી આપત્તિ સમયે શાળામાં કરવી પડતી તત્કાલિન વ્યવસ્થા બાબતે મુખ્ય શિક્ષકશ્રી/શાળાના અન્ય સ્ટાફ/વાલીગણ વગેરે સાથે ચર્ચા કરવી.

(૩૨) શાળા ધ્વારા તૈયાર કરવામાં આવેલ સ્કુલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન નો અમલનો પ્રબંધ કરવો.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ,**

- નાયબ સચિવશ્રી, (પ્રા.શિ.), વ-ર શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેકટર-૧૯, ગાંધીનગર

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

समग्र शिक्षा
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
વિદ્યા સમિક્ષા કેન્દ્ર સેક્ટર- ૧૯,
ગાંધીનગર-૩૮૨૦૨૧
ફોન નં. ૦૭૯.૨૩૨૪૩૧૩૩, ૨૯૬૩૮૪૦૪
Email: ssamcivilgcpe@gmail.com
Website: www.ssagujarat.org
સિવિલ હેલ્પલાઇન નં. ૦૭૯-૨૨૮૮૦૦૫૧

ક્રમાંક: એસએસ/સિવિલ/૨૦૨૫/ ૨૩૭૨૫ - ૭૦૫          તા.૨૩/૫/૨૦૨૫

પ્રતિ,

જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લો : તમામ

શાસનાધિકારીશ્રી,
મ્યુ. કોર્પોરેશન
અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત

વિષય : રાજ્યની સરકારી શાળાઓ/કેજીબીવી/હોસ્ટેલમાં ચોમાસા પહેલા તેમજ સ્કુલ સેફટી અંગે તકેદારી રાખવા માટે જરૂરી તૈયારી કરવા અને યોગ્ય સલામતીના પગલા લેવા બાબત..

સંદર્ભ : ઉપસચિવશ્રીનો પત્ર ક્રમાંક : RD/MSM//e-file/15/2025/5072/S3, Dtd. 13.05.2025

શ્રીમાન,

રાજ્યમાં ટૂંક જ સમયમાં ચોમાસાની ઋતુંનું આગમન થશે. ચોમાસા ઋતુ દરમ્યાન શાળામાં કોઈ દુર્ઘટના ના ઘટે તે માટે તેમજ સ્કુલ સેફટી અંગે પણ તકેદારી રાખવા માટે આવશ્યક સાવચેતીના પગલાં અગાઉથી ભરવા જરૂરી બને છે. જેથી આપના જિલ્લામાં આવેલ તમામ શાળાઓ/કેજીબીવી/હોસ્ટેલ વગેરેને ચોમાસાની ઋતુની શરૂઆત પહેલા જરૂરી તૈયારી કરવા અને સ્કુલ સેફટી અંગે તકેદારી રાખવા માટે સાવચેતીના પગલા લેવા તમામ શાળાના આચાર્યશ્રીઓને નીચે મુજબની લેખિતમાં સૂચના આપશો.

(૧) છત કે ધાબા પર આવેલ વોટર સ્પાઉટ ચોમાસા પહેલાં અને ચોમાસામાં સમયાંતરે સાફ કરાવવા.

(૨) ધાબા કે છત ઉપર રહેલા જૂના ફર્નિચર કે અન્ય સામાનને યોગ્ય સ્થળે ખસેડવો.

(૩) શાળા મેદાનમાં આવેલ નમી ગયેલા કે તૂટી પડવાની તૈયારીમાં હોય તેવા વૃક્ષોની ડાળીઓ/વૃક્ષોને દૂર કરવા.

(૪) શાળામાં જો ઈલેકટ્રીક વાયર ખુલ્લા હોય કે અર્થીંગ પ્રોબ્લેમ હોય તો સત્વરે એસએમસી દ્વારા રીપેરીંગ કરાવવા. ISI માર્કા જરૂરી હોય તેવા MCB/ELCB વગેરે લગાવવા. ઉપલબ્ધ શાળા ગ્રાન્ટમાંથી ખર્ચ કરવો.

(૫) ચોમાસાની સીઝન દરમ્યાન આચાર્યશ્રી તથા શિક્ષકોએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની પૂર્વ મંજૂરી વિના હેડકવાર્ટર છોડવું નહી.

(૬) પૂરના સમયે શાળાના મેદાનમાં કે બિલ્ડીંગમાં પાણીનો ભરાવો ન થાય તે માટે પાણીના નિકાલની વ્યવસ્થા છે કે નહી તેની તકેદારી રાખવી.

(૭) પૂર સંભવિત ક્ષેત્રમાં શાળાના અગત્યના રેકર્ડ તેમજ ફાઈલોને શાળામાં જ સુરક્ષિત સ્થળે રાખવા.

(૮) દવાઓ, ફાનસ, ટોર્ચ, સ્વચ્છ કપડા, પેક ખાધ પદાર્થ સહિતની ઈમરજન્સી કીટ, ફર્સ્ટ એઈડ બોકસ વગેરે હાથવગા રાખવા.

(૯) શાળામાં રૂમો જર્જરિત હોય તો બાળકોને બેસાડવા નહી અને જર્જરિત રૂમોથી બાળકો દૂર રહે તે અંગેની તકેદારી રાખવી.

(૧૦) શાળા કેમ્પસમાં આવેલ જર્જરિત કે ડીમોલીશન કરવાપાત્ર ઓરડા, ટોયલેટ, સેપ્ટીક ટેન્ક, ખાળકૂવા કે અન્ય ભૌતિક સુવિધાની ફરતે બેરીકેડ કે આડાશ ઉભી કરી ભયજનક સૂચક બોર્ડ લગાવવા.

(૧૧) અતિવૃષ્ટિ કે પૂર જેવા સંજોગોમાં શાળા આશ્રયસ્થાન બને તે અંગેની તકેદારી આચાર્યશ્રીએ લેવી. સરળતાથી શાળાનું મકાન ઉપલબ્ધ બને તે જોવુ.

(૧૨) અતિવૃષ્ટિ કે પૂરના સમયે બાળકોને રજા આપવાનો નિર્ણય આચાર્યશ્રીએ વિવેકબુધ્ધિ અનુસાર લેવો અને સમયસર બાળકો ઘરે પહોંચે તે અંગેની વ્યવસ્થા વાલીઓ સાથે મળીને કરવી. બાળકોના ગયા પહેલાં શિક્ષકોએ શાળા ન છોડવી.

(૧૩) શાળામાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા છે કે કેમ તે ચકાસવું અને તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે શિક્ષક અને વિધાર્થીઓને તાલીમબધ્ધ કરવામાં આવ્યા છે કે નહી તે ચકાસવું.

(૧૪) અંડરગ્રાઉન્ડ વોટર ટેન્ક હોય તો તેની ફરતે આડશ કે ફેન્સીંગની વ્યવસ્થા કરવી તેમજ ઢાંકેલી રાખવી જેથી બાળકો, જાહેર જનતા કે પ્રાણીઓ અકસ્માતનો ભોગ ન બને.

(૧૫) શાળામાં રેઈનવોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમલ પાણીના ટાંકા, સેપ્ટીક ટેન્ક, ખાળકૂવા હોય તો તેની નજીક બાળકોને જવા દેવા નહી અને આ બાબતની સૂચના દર્શાવતું બોર્ડ લગાવવું.

(૧૬) શાળાની ટાંકી ખુલ્લી રહેતી હોય તો તેને લૉક (તાળુ) મારી શકાય તેવા ઢાંકણા લગાવવા અને મેદાનમાં ક્યાંય પણ પાણી ભરાતું હોય તો મચ્છરનો ઉપદ્રવ ન થાય તે માટેના જરૂરી પગલા લેવા.

(૧૭) શાળાની બહારથી જો મુખ્ય માર્ગ પસાર થતો હોય તો સ્પીડ બ્રેકરની વ્યવસ્થા કરાવવી અને રોડની બંન્ને તરફ શાળા અંગેના સાઈન બોર્ડ મુકાવવા.

(૧૮) શાળા પરિસરમાં બાંધકામના સમય દરમ્યાન આજુબાજુના સંલગ્ન મકાનના રહીશો અને મકાનોને અડચણરૂપ, ખલેલ અને નુકશાન ન પહોંચે તે માટેના તમામ સાવચેતીના પગલા એસએમસી તેમજ ઈજારદારશ્રીએ તેમના ખર્ચે અને જોખમે લેવાના રહેશે.

(૧૯) બાંધકામના સમય દરમ્યાન શાળાના કંપાઉન્ડમાં આવેલ અન્ય હયાત બાંધકામ(સ્ટ્રકચર) ને કોઈ નુકશાન ન પહોંચે તેમજ શાળામાં અભ્યાસ કરતા વિધાર્થીઓ/શિક્ષકોને કે અન્ય કર્મચારી/મુલાકાતી ને કોઈ નુકશાન કે ઈજા ન થાય તે માટેના તમામ સાવચેતીના પગલા એસએમસી તેમજ ઈજારદારશ્રીએ તેમના ખર્ચે અને જોખમે લેવાના રહેશે.

(૨૦) કાર્યરત શાળામાં બાંધકામ ચાલુ કરવાનું હોય ત્યારે બાંધકામ સ્થળે આડશ (બેરીકેટ) કે ફેન્સીંગ ઉભી કરી તે બાજુ બાળકો જાય નહી તેવી વ્યવસ્થા કરવી અને બાળકોની સાવચેતી માટે શાળાના આચાર્ય તેમજ શિક્ષકોને લેખિતમાં જાણ કરી આ બાબતે અવગત કરવા.

(૨૧) શાળામાં જે જગ્યાએ કામ પ્રગતિમાં હોય તે ભાગમાં પતરાની આડશ (બેરીકેટ) કે ફેન્સીંગ રાખવી જેથી બાળકો અકસ્માતનો ભોગ બને નહીં.

(૨૨) બાંધકામ માટેનો માલસામાન વ્યવસ્થિત રીતે રાખવો. જેથી બાળકોની અવર-જવરમાં અડચણ ઉભી થાય નહી.

(૨૩) બાંધકામની જગ્યાએ ભયસૂચક કે ચેતવણી દર્શાવતા નોટીસ બોર્ડ લગાવવા. આ બાબતની લેખિતમાં જાણ તમામ સબંધિત અધિકારી/કર્મચારીશ્રીઓને પણ કરશો.

(૨૪) પાણીની મોટરનો વાયર તેમજ વીજ કંપનીના મીટરમાં જતા વાયરોને એવી રીતે ગોઠવણ કરવી જેથી અનિચ્છનીય બનાવ ટાળી શકાય.

(૨૫) શાળામાં લગાવેલ MCB/ELCB અને અર્થીંગ કાર્યરત છે કે નહિ તેની ચોમાસા પહેલા તકેદારીના ભાગરૂપે ખાતરી કરી લેવી તેમજ કોઇપણ જાતના વાયરીંગના છેડા છુટા ન હોય તેની ચકાસણી કરી તાત્કાલિક યોગ્ય પગલાં લેવાં.

(૨૬) પાણી માટેના બોરની ઉપરનો ભાગ બોરકેપથી ઢાંકેલ છે તે સુનિશ્ચિત કરવું.

(૨૭) આપત્તિ સમયમાં ઉપયોગી સ્ટાફ અને વ્યક્તિઓની જેમ કે તલાટી-મંત્રી, ડોક્ટર, તરવૈયા વગેરેની ફોન નંબર સાથેની માહિતી શાળાના નોટીસ બોર્ડ પર તથા શાળાના આચાર્યશ્રીએ પોતાની પાસે રાખવી.

(૨૮) સંભવિત આપત્તિ અંગેની પૂર્વ તૈયારીના રૂપમાં આચાર્યશ્રી, બાળકો તથા સ્ટાફે આપત્તિના સમયમાં કઈ રીતે આપત્તિનો સામનો કરી શકાય તે અંગેની પૂર્વ તૈયારી રાખવી.

(૨૯) રેલીંગ/પેરાપેટ જર્જરીત હોય તો સાવચેતીના પગલારૂપે દૂર કરવી/રીપેર કરાવવી/બાળકોની સલામતી માટે યોગ્ય કાર્યવાહી કરવી.

(૩૦) વાવાઝોડાની પરિસ્થિતી દરમ્યાન શાળામાં બાળકોની સલામતી માટેની વ્યવસ્થાની ચકાસણી કરવી.

(૩૧) આકસ્મિક ભૂકંપ જેવી અચાનક આવી પડતી આપત્તિ સમયે શાળામાં કરવી પડતી તત્કાલિન વ્યવસ્થા બાબતે આચાર્યશ્રી/શાળાના અન્ય સ્ટાફ/વાલીગણ વગેરે સાથે ચર્ચા કરવી.

(૩૨) શાળા દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્કૂલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન મુજબ પણ અમલ કરવો.

આભાર સહ,

(સહી)

સ્ટેટ પ્રોજેક્ટ એન્જિનેર
સમગ્ર શિક્ષા - ગાંધીનગર

---

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/છ-૨/૨૦૨૫/૧૦૯૦-૧૧૭૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૩૦/૦૫/૨૦૨૫

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ- એસએસ/સિવિલ/૨૦૨૫/૨૩૭૨૫-૭૯૫ તા.૨૩/૦૫/૨૦૨૫ના પત્ર અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા સારૂ . . .

(સહી)

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાનાઃ-

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

નકલ સવિનય રવાના જાણ સારૂ . . .

- અધિક સચિવશ્રી, વ.૨-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર